| કાર્યપાલક ઈજનેર<br>સેન્ટ્રલ ઝોન | | સુરત મહાનગરપાલિકા<br>**સેન્ટ્રલ ઝોન,નવુ વહીવટી ભવન**<br>મુગલીસરા મેઈન રોડ, સુરત. Ext.૨૦૫<br>કન્ટ્રોલ રૂમ : ટે.નં.૨૪૨૦૫૪૭ ફેકસ : ૨૪૨૦૫૪૮ |
|---|---|---|


પ્રતિ,

.............................

.............................

.............................

.............................

વિષયઃ– સેન્ટ્રલ ઝોન વિસ્તારના વોર્ડ નં.૦૪, નોંધ નં.૩૮૬૩, બેગમપુરા, મુંબઈવડ ખાતે પોલીસ ચોકીની બાજુમાં આવેલ વોર્ડ નં.૦૪(બી) ની વોર્ડ ઓફિસના મકાનને ઉતારી પાડી લઈ જવાનું કામ.

સંદર્ભઃ– (૧) મા.સા.સ. ઠ.નં. ૩૨૯/૨૦૨૬, તા. ૩૦/૦૬/૨૦૨૬.

મહાશય,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સેન્ટ્રલ ઝોન વિસ્તારના વોર્ડ નં.૦૪, નોંધ નં.૩૮૬૩, બેગમપુરા, મુંબઈવડ ખાતે પોલીસ ચોકીની બાજુમાં આવેલ વોર્ડ નં.૦૪(બી) ની વોર્ડ ઓફિસના મકાનને ઉતારી પાડી લઈ જવાના કામે મા.સા.સ. ઠ.નં. ૩૨૯/૨૦૨૬, તા. ૩૦/૦૬/૨૦૨૬. થી રૂા. ૧,૦૪,૦૨૫.૦૦ પૈ. ની સ્ક્રેપ વેલ્યુ મંજુર થયેલ છે.

ઉપરોકત કામગીરી અન્વયે, સેન્ટ્રલ ઝોન વિસ્તારના વોર્ડ નં.૦૪, નોંધ નં.૩૮૬૩, બેગમપુરા, મુંબઈવડ ખાતે પોલીસ ચોકીની બાજુમાં આવેલ વોર્ડ નં.૦૪(બી) ની વોર્ડ ઓફિસના મકાનને ઉતારી પાડી લઈ જવાના કામે **પ્રાઈઝ બીડ** માં આપના ભાવો ભરી **ટેકનીકલ બીડમાં** જણાવેલ ડોકયુમેન્ટ સહિત લેખિત સંમતિ **બંધ કવરમાં તા....11/07/2026...** સુધીમાં સેન્ટ્રલ ઝોન ખાતે મોકલી આપવા વિનંતી. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવર સ્વીકારવામાં આવશે નહી. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

Scanned with OKEN Scanner

સુરત મહાનગરપાલિકા

સેન્ટ્રલ ઝોન

(હાઉસીંગ વિભાગ)

-: ટેકનીકલ બીડ :-

# Cover -1

Scanned with OKEN Scanner

સુરત મહાનગરપાલિકા

સેન્ટ્રલ ઝોન

(હાઉસીંગ વિભાગ)

## -: ટેકનીકલ બીડ :-

**કામનું નામ :-** સેન્ટ્રલ ઝોન વિસ્તારના વોર્ડ નં.૦૪, નોંધ નં.૩૮૬૩, બેગમપુરા, મુંબઈવડ ખાતે પોલીસ ચોકીની બાજુમાં આવેલ વોર્ડ નં.૦૪(બી) ની વોર્ડ ઓફિસના મકાનને ઉતારી પાડી લઈ જવાનું કામ.

| | | |
|---|---|---|
| ૧ | અંદાજીત રકમ | રૂા. ૧,૦૪,૦૨૫.૦૦ પૈ. |
| ૨ | બાનાની રકમ (EMD) | રૂા. ૧,૫૦૦-૦૦ પૈ. |
| ૩ | ભાવ પત્રક જમા કરવાની અંતિમ તારીખ | તા.૧૧/૦૮/૨૦૨૬ |
| ૪ | લાયકાત | આ પ્રકારના સમાન કામના અનુભવી |
| ૫ | કામની સમય મર્યાદા | ૦૨ (બે) માસ |

કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

સદર ભાવ પત્રક અંગેની વિસ્તૃત માહિતી સુરત મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન ની કચેરીએ હાઉસીંગ વિભાગ માંથી રજાના દિવસો સિવાય ઉપલબ્ધ થશે.

Scanned with OKEN Scanner

## સુરત મહાનગરપાલિકા
## સેન્ટ્રલ ઝોન
## -: ટેકનીકલ બીડ :-

**ઈજારદારને અગત્યની સુચના :-**

| | |
|---|---|
| ૧. | શરતી ભાવ પત્રક રદ થવાને પાત્ર રહેશે. |
| ૨. | સમય મર્યાદા બાદ આવેલ ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહી. |
| ૩. | બાનાની રકમ (EMD) ફક્ત કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામના ચેક અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી જ સ્વીકારવામાં આવશે. |
| ૪. | ભાવ પત્રક માં જણાવ્યા મુજબની વિગતો તથા ડોકયુમેન્ટ સાથે અચુક સામેલ રાખવી. આ વિગતો વગરનાં ભાવ પત્રક ધ્યાનમાં લેવામાં આવશે નહી. |
| ૫. | આ પ્રકારના સમાન કામના અનુભવના પ્રમાણપત્ર તેમજ અન્ય તમામ જરૂરી પત્રક પ્રમાણિત કરી રજુ કરવાના રહેશે. |
| ૬. | રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ / સંસ્થાનું નોંધણી પત્રક રજુ કરવાનું રહેશે. |
| ૭. | આ પ્રકારના સમાન કામની વિગત તેની કિંમત સાથે જે તે સંસ્થા/ડીપાર્ટમેન્ટના સક્ષમ સત્તાધીશ ધ્વારા ઈસ્યુ થયેલા હોવા જોઈશે. (વર્ક કમ્પલિશન સર્ટીફિકેટ – છેલ્લા ૦૭ (સાત) વર્ષના) |
| ૮. | જો આપની ભાગીદારી પેઢી હોય તો અસલ ભાગીદારી કરારની ઝેરોક્ષ કોપી (પ્રમાણિત નકલ) રજુ કરી સાથે થયેલ કરાર બતાવવાના રહેશે. |
| ૯. | પી.એફ. અને જીએસ.ટી. રજીસ્ટ્રેશન ફરજીઆત પણે રજુ કરવાનું રહેશે. |
| ૧૦. | અંદાજીત રકમના ૨૦% મુજબ નેશન્લાઈઝ બેંકનું સોલવન્સી સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે. |
| ૧૧. | ઈજારદારે સદર ભાવપત્રક માં સુચિત કરેલ જગ્યાએ પોતાના સહી-સિકકા કરી રજુ કરવાના રહેશે . ભાવપત્રક ના કોઈ કાગળ કાઢી લેવામાં આવશે અથવા સહી-સિકકા કરેલ ન હશે તો ભાવપત્રક રદ બાતલ ગણવામાં આવશે. તેમજ બાનાની રકમ (EMD) જપ્ત કરવામાં આવશે. |
| ૧૨. | ઈજારદારે સદર ભાવપત્રક જમાં કરતી વખતે નીચે મુજબ જમાં કરાવવાનું રહેશે.<br>Cover - 1 :- ટેકનીકલ બીડ, માંગ્યા મુજબના તમામ ડોકયુમેન્ટ, બાનાની રકમ (EMD) વિગેરે<br>Cover - 2 :- પ્રાઈઝ બીડ<br>Cover – 3 (મુખ્ય કવર) :- Cover - 1 અને Cover - 2 |
| ૧૩. | સદર ભાવપત્રકની વેલીડીટી પ્રાઈસ બીડ ખુલ્યાની તારીખથી ૧૨૦ (એકસો વીસ) દિવસ સુધી ગણાશે. |
| ૧૪. | ઉપરોક્ત સર્વે સુચના મે વાંચી છે અને તે જાણમાં લીધી છે. |

**ઈજારદારની સહી અને સીકકો :-**

કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

Scanned with OKEN Scanner

## સુરત મહાનગરપાલિકા
## સેન્ટ્રલ ઝોન
## –: ટેકનીકલ બીડ :–

બાનાની રકમ (EMD) **પરત કરવા અંગેના હાલના નિયમો :–**

| | |
|---|---|
| ૧. | ભાવપત્રક મળ્યા બાદ બધા જ ઈજારદારની બાનાની રકમ (EMD) જયાં સુધી ભાવપત્રક અંગે સક્ષમ સત્તાની મંજુરી મળે નહી ત્યાં સુધી જમા રાખવામાં આવશે. |
| ૨. | સક્ષમ સત્તાની મંજુરી મુજબ કામની સોંપણી થયેલ ઈજારદાર ધ્વારા મંજુર ઓફરના નાણાં ભર્યેથી અન્ય ઈજારદારની બાનાની રકમ (EMD) છુટી કરવામાં આવશે. જયારે પણ બાનાની રકમ (EMD) રીફંડ મેળવવા અન્ય ઈજારદાર અરજી કરે ત્યારે પોતાનું નામ, પુરૂ સરનામુ કયા કામ માટે ડીપોઝીટ ભરેલ તેની વિગત ભરેલી રકમ, રસીદ નંબર અને તારીખ વિગેરે જણાવવાનું રહેશે. |
| ૩. | કામની સોંપણી થયેલ ઈજારદાર ધ્વારા સ્થળ પર કામગીરી કર્યેથી એક માસના સમયગાળા પછી બાનાની રકમ (EMD) રકમ છુટી કરવામાં આવશે. |
| ૪. | ઉપરોકત નિયમો વિરૂધ્ધ, ઈજારદાર ધ્વારા બાનાની રકમ (EMD) બાબતે કોઈ શરતો મુકવામાં આવશે, તો તે રદ ગણવામાં આવશે અને તેને ધ્યાને લેવામાં આવશે નહી તેની નોંધ લેવી. |
| ૫. | ભાવપત્રકમાં જણાવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જે અંગે ઈજારદારની કોઈ પણ પ્રકારની રજુઆતને ગ્રાહય રાખી શકાશે નહી. |

કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

**ઉપરોકત નિયમો વાંચી આ સાથે બાનાની રકમ (EMD) ના રૂા. ૧,૫૦૦–૦૦ પૈ. નો કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો ડિમાન્ડ ડ્રાફટ/ચેક સામેલ કરવાનો રહેશે.**

**(નોંધ : બાનાની રકમનો ડિમાન્ડ ડ્રાફટ ટેકનીકલ બીડના કવરમાં બિડાણ કરવાનો રહેશે. ટેકનીકલ બીડ સાથે બાનાની રકમનો ડિમાન્ડ ડ્રાફટ સામેલ ન હશે તો પ્રાઈસ બીડ ખોલવામાં આવશે નહી.)**

**કોન્ટ્રાકટરની સહીઃ–**

Scanned with OKEN Scanner

# સુરત મહાનગરપાલિકા
## સેન્ટ્રલ ઝોન
## –: ટેકનીકલ બીડ :–

શરતો :–

૧. ઇજારદારે તોડવા માટેના ઇમારતનું રૂબરૂ સ્થળ નિરીક્ષણ કરી કાટમાલમાં આવતી જુદી-જુદી આઇટમોનો જથ્થો ગુણવત્તા તથા અન્ય બીજી બાબતોની જાત અનુભવ કર્યા પછી ટેન્ડર ભરવાનું રહેશે. આ અંગે પાછળથી કોઇપણ જાતની કાર્યવાહી કે તકરાર ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૨. ઇજારદારનું ટેન્ડર સ્વીકારવાનો પત્ર મળ્યેથી ઇજારદારે ટેન્ડરમાં જણાવેલ ઓફરનાં નાણાં તેમજ સરકારશ્રીના નિયમ મુજબના જરૂરી ટેક્ષના નાણાં અત્રેની સુચના મુજબ ચોક્કસ સમય મર્યાદામાં સુરત મહાનગરપાલિકાના હિસાબી ખાતામાં જમા કરાવવાની રહેશે. અને તે અંગેની નાણા ભર્યાની રસીદ રજુ કર્યા બાદ તોડફોડ કરવાનો (ઉતારવાનો) હુકમ આપવામાં આવશે.

૩. ઇજારદારે વર્ક ઓર્ડર મળ્યે ટેન્ડરમાં જણાવેલ ઓફરના નાણાં દિન-૧૦ માં અત્રેની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકાના હિસાબી ખાતામાં જમા કરાવવાની રહેશે. તે અંગેની રસીદ રજુ કર્યા બાદ જ હયાત ઇમારત ઉતારવાનો હુકમ આપવામાં આવશે. જો ઇજારદાર તેમ કરવાનું ચૂકશે તો ટેન્ડર આપો આપ રદબાતલ ગણવામાં આવશે અને ઇજારદારે ભરેલ બાનાની રકમ જપ્ત કરવામાં આવશે. કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ થયાના એક માસ બાદ સીક્યોરીટી ડિપોઝીટની રકમ છુટી કરવામાં આવશે.

૪. હયાત મિલ્કત તોડતા આજુબાજુના વિસ્તારમાં રહેતા માણસોને, મિલ્કતોને કે અન્ય બીજી વસ્તુઓને નુકશાન કે હેરાનગતિ ન થાય તેની ઇજારદારે તકેદારી રાખવાની રહેશે. અને તેમ છતા જો કોઇ મુશ્કેલી, નુકશાન કે નડતરરૂપ વિગેરે થાય તો તેની જવાબદારી ઇજારદારની રહેશે. આ અંગે કોઇ પણ જાતની જવાબદારી મહાનગર પાલિકાની રહેશે નહી.

૫. હયાત ઇમારત તોડી તેને જમીનદોસ્ત કરી જગ્યા સાફ-સફાઇ, ચોખ્ખી કરી હયાત રસ્તા લેવલે સમતલ કરી આપવાની રહેશે. તેમજ તેમ કર્યા અંગેની લેખિતમાં જાણ અત્રેની કચેરીએ કરવાની રહેશે.

૬. જરૂરી એવા વેચાણવેરો તથા અન્ય કોઇપણ પ્રકારના રાજય/કેન્દ્રીયસરકારનાં તથા સુરત મહાનગરપાલિકાના વેરાઓ ભરવાની જવાબદારી ઇજારદારની પોતાની રહેશે. તે માટે મહાનગરપાલિકા જવાબદાર નથી.

૭. હયાત ઇમારત તોડતા કે ઉતારતા માણસોને કોઇપણ જાતની શારિરીક ઇજાઓ ન પહોંચે કે ઉતારતા માણસનું મુત્યુ ન થાય કે અન્ય બીજુ નુકશાન ન થાય તેની તકેદારી ઇજારદારે રાખવાની રહેશે. તેમ છતાં જો આ અંગે કોઇપણ બનાવ બને તો તેની તમામ જવાબદારી ઇજારદારની રહેશે અને તે અંગેનો સંપૂર્ણ ખર્ચ/વળતર ઇજારદારે ચુકવવાનું રહેશે.

૮. આ કામ ની સમય મર્યાદા વર્ક ઓર્ડર ની તારીખથી દિન-૧૦ (દસ) બાદ ૬૦ (સાઠ) દિવસની રહેશે. જો તેમ કરવામાં ઇજારદાર કસુર કરશે તો ઓફર રકમના ૦.૨% લેખે પ્રતિદિન પેનલ્ટી (મહત્તમ ૧૦.૦૦% )વસુલ કરવામાં આવશે.

૯. હયાત ઇમારત તોડવા અંગેની સાઇટ ઉપર તમામ જરૂરી એવી કે અન્ય કોઇ સુવિધાઓ કે જરૂરીયાત ઇજારદારે પોતે કરવાની રહેશે.

૧૦. ટેન્ડરમાં ભાવ/રકમ આંકડામાં તથા શબ્દમાં ભરવાની રહેશે. તેમજ જયાં જયાં છેકછાક કરી હોય ત્યાં ઇજારદારે ટુંકી સહી કરવાની રહેશે.

૧૧. ટેન્ડરની શરતમાં કોઇ ફેરફાર કરશે અથવા પોતાના લેટરપેડ પર કોઇપણ વધારાની શરતો રજુ કરશે તો તે મહાનગરપાલિકા ધ્યાનમાં લેશે નહી કે તેમ કરવા મહાનગરપાલિકા ફરજ પાડી શકશે નહી. આવી શરતો મહાનગરપાલિકાને કોઇ પણ સંજોગોમાં બંધનકર્તા રહેશે નહી.

Scanned with OKEN Scanner

૧૨. ઇજારદારે કોઇપણ પત્રકો, શરતોના કાગળો કાઢી લેવાના નથી, જો તેમ કરવામા આવશે તો તેને ઇરાદા પૂર્વક ગેરરીતી ગણી તેમની સામે મહાનગર પાલિકા કાયદેસરની કાર્યવાહી કરશે તથા અનામતની રકમ જપ્ત કરશે.

૧૩. ભાવપત્રકમાં ભરેલા ભાવ/ રકમ સ્વીકારવા માટે, ભાવપત્રક ખુલ્યાની તારીખથી ૧૨૦ (એકસો વીસ) દિવસ સુધી ગણાશે. ઉપરોકત જણાવેલ ૧૨૦ દિવસની સમય મર્યાદા સુધીમાં ટેન્ડરર પોતાના ટેન્ડરમાં કોઇપણ જાતનો સુધારો ઘટાડો કરી શકશે નહી.

૧૪. રોકડમાં ભરવામાં આવેલ બાનાની/સીકયોરીટી અનામત પર કોઈપણ સંજોગોમા વ્યાજ આપવામાં આવશે નહી.

૧૫. ઇજારદારે મિલ્કત સંપૂર્ણ ઉતારી, જમીનદોસ્ત કરી સાફ-સફાઇ ચોખ્ખી કરી, જમીનનાં હયાત રસ્તાના લેવલે સમતલ કરી આપવાની રહેશે.

**કાર્યપાલક ઈજનેર**
**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**ઉપરોકત તમામ શરતો મે વાંચી, સમજી વિચારીને જાણમાં લીધી છે. તે અને તે સર્વે શરતો મને બંધનકર્તા રહેશે.**

**ઈજારદારની સહી :—**

**સરનામુઃ—**

Scanned with OKEN Scanner

# સુરત મહાનગરપાલિકા
## સેન્ટ્રલ ઝોન
## -: ટેકનીકલ બીડ :-

શરતો :-

૧. સદર ઇમારતમાં બીલ્ડીગ મટીરીયલ્સ જે હાલતમાં છે તે મુજબ જાણવા.

૨. સદર મિલ્કતને સંપૂર્ણ જમીન દોસ્ત કરવાનું રહેશે તેમજ બધુ જ છારૂ ઉપાડી સાઇટ ઇજનેરશ્રીના સર્ટીફીકેશન સાથે સાઇટ ચોખ્ખી કરી આપવાની રહેશે.

3. હયાત ઇમારત જમીનદોસ્ત કરી બધો જ માલસામાન લઇ જવાની આખરી ઓફર જ ધ્યાનમાં લેવામાં આવશે. બધોજ કાટમાલ તથા છારૂ ઇજારદારે પોતે ઉપાડી યોગ્ય તે જગ્યાએ સ્થળાંતર કરી જમીન હયાત રસ્તા લેવલે સમતલ લેવલ કરી આપવાની રહેશે અને તે મુજબ ટેન્ડરો ધ્યાનમાં લેવામાં આવશે આઇટમ મુજબનાં આપવામાં આવેલ ભાવો ગણતરીમાં લેવામાં આવશે નહી અને તેવા ઇજારદારનું આવેલ ટેન્ડર કોઇપણ જાતના જાણ કર્યા વગર રદ થવાને પાત્ર ઠરશે.

કાર્યપાલક ઈજનેર<br>
સેન્ટ્રલ ઝોન<br>
સુરત મહાનગરપાલિકા

Scanned with OKEN Scanner

**સુરત મહાનગરપાલિકા**
**સેન્ટ્રલ ઝોન**
**–: ટેકનીકલ બીડ :–**

**કામનું નામ :–** સેન્ટ્રલ ઝોન વિસ્તારના વોર્ડ નં.૦૪, નોંધ નં.૩૮૬૩, બેગમપુરા, મુંબઈવડ ખાતે પોલીસ ચોકીની બાજુમાં આવેલ વોર્ડ નં.૦૪(બી) ની વોર્ડ ઓફિસના મકાનને ઉતારી પાડી લઈ જવાનું કામ.

ઈજારદારનું નામ :–

સરનામુ :–

ઈજારદારના સહી સિકકા સાથે ફોટા

| | | | |
|---|---|---|---|
| પાર્ટનરશીપ એજન્સી | માટે દરેક પાર્ટનરનાં | ફોટા સહી સાથે | અહી ચોંટાડવા |

| પાર્ટનરના સહીના નમુના | સરનામું : |
|---|---|
| ૧. | |
| ૨. | |
| ૩. | |
| ૪. | |

**નોંધ :–** પાર્ટનરશીપ એજન્સી માટે રજીસ્ટર કરાવેલ પાર્ટનરશીપ એગ્રીમેન્ટ જોડવા ફરજીયાત છે.

કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

Scanned with OKEN Scanner

સુરત મહાનગરપાલિકા

સેન્ટ્રલ ઝોન

(હાઉસીંગ વિભાગ)

—: પ્રાઈઝ બીડ :—

# Cover -2

Scanned with OKEN Scanner

## સુરત મહાનગરપાલિકા

### સેન્ટ્રલ ઝોન
### (હાઉસીંગ વિભાગ)

હું નીચે સહી કરનાર શ્રી ............................................................... ........................................ જણાવુ છું કે ઉપરોકત વિષયમાં જણાવેલસેન્ટ્રલ ઝોન **વિસ્તારના વોર્ડ નં.૦૪, નોંધ નં.૩૮૬૩, બેગમપુરા, મુંબઈવડ ખાતે પોલીસ ચોકીની બાજુમાં આવેલ વોર્ડ નં.૦૪(બી) ની વોર્ડ ઓફિસનું સ્થળ** નિરિક્ષણ દરમ્યાન જોયેલ છે તથા આજુબાજુની મિલકત, રાહદારીઓ અને સ્થળ પર કામદારોની સલામતી ધ્યાને લઈ મિલકત ઉતારી મારા પોતાના જોખમે અને ખર્ચે લઈ જવા માટે સંમતિ આપુ છું અને તે માટે સુરત મહાનગરપાલિકાને હું રૂ.........................અંકે રૂપિયા (શબ્દમાં)...................................... આપવા સંમત છું.

ઉપરોકત ભાવપત્રક માટે સુરત મહાનગરપાલિકાની શરતો અને નિયમો મને બંધનકર્તા રહેશે.

ઈજારદારની સહી અને સીકકો :-

કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

Scanned with OKEN Scanner